# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/413 Dt. 20/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ઉધના રેલ્વે સ્ટેશન પર શ્રમિક મુસાફરોની સમસ્યા અંગે ચેમ્બર દ્વારા પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર સમક્ષ રજૂઆત

## વધુ હોલિડે સ્પેશ્યલ ટ્રેનો દોડાવવાની માંગ, ભીડ ઘટાડવા સુરત અને ઉધના ઉપરાંત ભેસ્તાન અને ચલથાણ સ્ટેશનો પરથી ટ્રેનો દોડાવવાની રજૂઆત

### પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજરની વધુ ટ્રેનો દોડાવવાની ખાત્રી, ભીડ ઘટાડવા રવિવાર સિવાયના દિવસોમાં મુસાફરી કરવા ચેમ્બર થકી મુસાફરોને અપીલ

**સુરત:** ઉધના રેલ્વે સ્ટેશને ગતરોજ રવિવારે બનેલી ઘટના અને તેમાં મુસાફરોને ભોગવવી પડેલી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને, સુરતના ઔદ્યોગિક એકમોમાં કાર્યરત શ્રમિકોની તકલીફ દૂર થાય તે હેતુસર ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની રેલ્વે કમિટીના ચેરમેન શ્રી રાકેશ શાહ અને સેક્રેટરી શ્રી પૌલિક દેસાઇ સહિતના પ્રતિનિધિ મંડળે સોમવાર, તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ઉધના રેલ્વે સ્ટેશન ખાતે પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર શ્રી રામાશ્રય પાંડે સાથે રૂબરૂ મુલાકાત કરી રજૂઆત કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા કરાયેલી રજૂઆતમાં પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજરને જણાવવામાં આવ્યું હતું કે, છેલ્લા બે વર્ષથી ઉધના રેલ્વે સ્ટેશન પર અફરાતફરીનો

માહોલ સર્જાય છે. ખાસ કરીને પરપ્રાંતિય શ્રમિકો પોતાના પરિવાર સાથે વતન જતા હોય ત્યારે તેમની સ્થિતિ અત્યંત કફોડી અને દયનીય બની જાય છે. આથી, શ્રમિકોને સુવિધાજનક અને સલામત મુસાફરી મળી રહે તે માટે વધુમાં વધુ ટ્રેનો દોડાવવાની રજૂઆત કરવામાં આવી હતી.

સુરતમાં આશરે પાંચ લાખ જેટલા શ્રમિકો ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોમાંથી આવીને ઉદ્યોગોમાં કાર્યરત છે. ખાસ કરીને એપ્રિલ અને મે મહિનામાં શાળાઓમાં રજાઓ હોવાના કારણે શ્રમિકો પરિવાર સાથે વતન જતા હોય છે, જેના કારણે મુસાફરોની સંખ્યામાં ભારે વધારો થાય છે. આવી પરિસ્થિતિની જાણ હોવા છતાં રેલ્વે તંત્ર દ્વારા પૂરતી સંખ્યામાં હોલિડે સ્પેશ્યલ ટ્રેનો દોડાવવામાં આવતી ન હોવાને કારણે ટ્રેનોમાં ભીડ અને સ્ટેશને અવ્યવસ્થાની સમસ્યા ગંભીર બને છે.

આ ઉપરાંત, હાલમાં મોટાભાગની ટ્રેનો માત્ર ઉધના રેલ્વે સ્ટેશન પરથી જ દોડાવવામાં આવતી હોવાને કારણે પણ ઉધના રેલ્વે સ્ટેશન પર વધારાની ભીડ સર્જાય છે. આથી, ઉધના ઉપરાંત સુરત, ભેસ્તાન અને ચલથાણ રેલ્વે સ્ટેશનો પરથી હોલિડે સ્પેશ્યલ ટ્રેનો દોડાવવાની વ્યવસ્થા કરવામાં આવે તેવી રજૂઆત ચેમ્બરે કરી હતી.

પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર શ્રી રામાશ્રય પાંડેએ ચેમ્બર દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ગંભીરતાપૂર્વક સાંભળી હતી. શ્રમિક મુસાફરોને અગવડતા નહીં પડે તે માટે વધારે હોલિડે સ્પેશ્યલ ટ્રેનો દોડાવવાની વ્યવસ્થા કરવાની ખાત્રી આપી હતી. જો કે, તેમણે ચેમ્બર ઓફ કોમર્સ મારફતે ઔદ્યોગિક એકમોના માલિકોને અપીલ કરી હતી કે, શ્રમિકોને માત્ર રવિવારના દિવસને બદલે અઠવાડિયાના અન્ય દિવસોમાં દોડતી હોલિડે સ્પેશ્યલ ટ્રેનોમાં મુસાફરી કરવા પ્રોત્સાહિત કરવામાં આવે, જેથી એકજ દિવસે થતી વધારાની ભીડને ઘટાડી શકાય.